નેતાઓની સુરક્ષામાં ખામી હોવાની શક્યતા : આરપીએન સિંહ

નવીદિલ્હી, તા. ૨૭

છત્તીસગઢના કોંગ્રેસના નેતાઓ પર નકસવાદીઓએ કરેલા હુમલાની તપાસ માટે રાષ્ટ્રિય તપાસ એજન્સી (એનઆઈએ)ની ટીમ રાયપુર પહોંચી ગઇ છે. તપાસ એજન્સીએ પોતાની તપાસ શરૂ કરી દીધી છે. એનઆઈએ એ બાબતની તપાસ કરશે કે કેન્દ્ર તથા રાજ્યસ્તરના સુરક્ષાદળો તરફથી કયાંય ચૂક તો થઈ નથી ને?

ગૃહરાજ્યમંત્રી આર.પી. એન.સિંહે જણાવ્યું હતું કે ગુનેગારો વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવશે. અમે એનઆઈએ ને નકસીલી હુમલાની તપાસ કરવાનું જણાવ્યું છે.

ગૃહમંત્રી સુશીલકુમાર શિંદેએ જણાવ્યું હતું કે કોંગ્રેસના નેતાઓ ઉપર નકસલવાદીઓએ કરેલા હુમલાની તપાસ એનઆઈએ દ્વારા કરાવવા અંગે છત્તીસગઢના મુખ્યમંત્રી રમણસિંહ રાજી થઈ ગયા છે.

તેમણે જણાવ્યું હતું કે માઓવાદી હુમલાની તપાસ એનઆઈએ દ્વારા કરવાનું જણાવાયું છે. સુરક્ષામાં કોઈખામી રહી ગઈ હોવાની શક્યતા છે શનિવારે થયેલા માસ્ટર માઈન્ડના હુમલાની ઓળખ થઈ ચૂકી છે.કેન્દ્ર છત્તીસઢમાં નકસલ વિરોધી અભિયાનમાં રાજ્ય સરકારની મદદ માટે અર્ધ સેનિક દળોની ૩૦ બટાલિયન એટલે કે લગભગ ૩૦ હજાર જવાન પહેલાથી જ તૈનાત કરી દીધા છે. આ અગાઉ કેન્દ્રિય ગૃહસચિવ આર.કે. સિંહે જણાવ્યું હતું કે એનઆઈએ ને મામલાની તપાસ ઔપચારિક રીતે સોંપવાથી માંડીને સરકારી આદેશ ટૂંક સમયમાં જારી કરવામાં આવશે.

એમ આઈએ ની ટીમ આજે છત્તીસગઢ જશે ગૃહમંત્રી સુશીલકુમાર શિંદેએ જણાવ્યું હતું કે કોંગ્રેસના નેતાઓ પર કરાયેલા હુમલાની તપાસ એનઆઈએ કરશે.આ અંગે કેન્દ્રને છત્તીસગઢના મુખ્યમંત્રી રમનસિંહની સહમતિ પ્રાપ્ત થઈ ચૂકી છે.

શનિવારે ભારે હથિયારથી સજ્જ નકસલવાદીઓએ કોંગ્રેસના નેતાના વાહનો પરહુમલો કર્યો હતો જેમાં કોંગ્રેસ અધ્યક્ષ નંદકુમાર પટેલ, તેમના પુત્ર દિનેશ કોંગ્રેસના નેતા મહેન્દ્ર કર્મા તથા ભૂતપૂર્વ વિધાનસભ્ય ઉદય મુદલિયાર સહિત ૨૭ લોકો માર્યા ગયા હતા. જ્યારે ભૂતપૂર્વ કેન્દ્રિય મંત્રી વી.સી. શુકલ સહિત અન્ય ૩૨ વ્યક્તિને ઈજા પહોંચી હતી. છત્તીસગઢમાં શનિવારે કોંગ્રેસના નેતાઓ અને કાર્યકર્તાઓ પર નકસલવાદીઓએ કરેલા ઘાતકી હુમલા પછી ગૃહમંત્રાલય તરફથી સોમવારે નકસલી હિંસાથી પ્રભાવીત બધા રાજ્યો ને એક એકવાઈઝરી (પરામર્શ) મોકલ્યો છે. જેમાં જણાવાયું છે કે નકસલવાદથી પ્રભાવિત દરેક રાજ્ય રાજનીતિક કાર્યકર્તાઓની સુરક્ષા એકદમ ચુસ્ત બનાવે અને નક્કી કરે કે રાજકીય પ્રવૃત્તિઓમાં હિંસા ન થાય.

નકસલવાદથી પ્રભાવીત રાજ્યોને મોકલેલી એડવાઈઝરીમાં ગૃહમંત્રાલયે જણાવ્યું છે કે નેતાઓની સુરક્ષા મજબૂત બનાવવી જોઈએ ભલે એ રાષ્ટ્રીય પાર્ટીના નેતા કે સ્થાનિક પાર્ટીના નેતા હોય જો જરૂ પડે તો તેમની સુરક્ષાને વધારે મજબુત બનાવી જોઈએ કેન્દ્રએ જણાવ્યું છે કે નેતાઓની સુરક્ષામાં કોઈ ખામી ન રહેવી જોઈએ નેતા જ્યારે પણ કોઈપણકાર્યક્રમમાં હાજર રહવાના હોય ત્યારે તેમને યોગ્ય સુરક્ષા મળવી જોઈએ. ગૃહમંત્રાલયે રાજ્યોને સુચના આપી છે કે રાજકીય પક્ષની પ્રવૃત્તિઓ નકસલવાદની હિંસાથી પ્રભાવિત ન થવી જોઈએ.

સંરક્ષણ મંત્રી એંટનીનું નિવેદન

નક્સલ પ્રભાવિત રાજ્યોમાં સેના તૈનાત નહીં કરાય

કોંગ્રેસ નેતાઓ પર શનિવારે છત્તીસગઢમાં નક્સલવાદીઓએ કરેલા હુમલા બાદ કેન્દ્રએ અર્ધસૈનિક દળો ૨૦૦૦ વધારાના જવાન રાજ્યમાં મોકલી આપ્યા છે. સંરક્ષણ મંત્રી એ.કે. એંટનીએ જણાવ્યું હતું કે નક્સલ પ્રભાવિત રાજ્યોમાં સેનાની તૈનાતીનો કોઇ પ્રસ્તાવ નથી. એંટનીએ જણાવ્યું છે કે છત્તીસગઢમાં નક્સલ વિરોધી અભિયાનમાં સેનાની સામેલ કરવાનો કોઇ પ્રસ્તાવ નથી. પરંતુ અમે રાજ્યને પારા મિલેટ્રી ફોર્સેજને સંપુર્ણ સહયોગ આપીશું. સંરક્ષણ મંત્રીએ તામિલનાડુના તંજાવુરમાં આ વાત જણાવી હતી.

ગરમીની સાથે સાથે દિલ્હીમાં વધી રહ્યું છે ઓઝોન પ્રદૂષણ

નવી દિલ્હી,તા. ૨૭

દિલ્હીમાં ભીષણ ગરમીની સાથે સાથે બીજા ખતરાઓ પણ સામે આવ રહ્યા છે. વૈજ્ઞાનિકોના જણાવ્યા પ્રમાણે છેલ્લા બે સપ્તાહમાં ઝેરી ઓજોનના સ્તરમાં અસામાન્ય રીતે વૃદ્ધિ જોવા મળી છે. વૈજ્ઞાનિકોના જણાવ્યા પ્રમાણે આ વૃદ્ધિ સ્વાસ્થ્ય માટે નુકસાનકારક છે અને આથી વૃક્ષોને પણ નુકસાન થાય છે. પૂણે સ્થિત આઈઆઈટીએમના ગુફરાન બેગે જણાવ્યું હતું કે દિલ્હીની હવામાં સૂક્ષ્મકણોની વૃદ્ધિના કારણે પ્રદૂષણ વધ્યું છે. આના લીધે દિવસમાં જોવાની દેશ્યતા ઓછી થઈ રહી છે. એમને કહ્યું કે છેલ્લા ત્રણ વર્ષમાં ઓઝોનના પ્રદૂષણની માપણી કરવામાં આવી રહી છે.

આ વખતે પહેલી વાર ઓઝોન વધારે નુકસાન પહોંચાડી રહ્યો છે. દિલ્હીમાં છેલ્લા બે સપ્તાહમાં ગરમીમાં સતત બઢોતરીના લીધે આને વાદળા સિવાયની ધૂપના લીધે ઓઝોનના સ્તરમાં વૃદ્ધિ થઈ છે. તેમના જણાવ્યા પ્રમાણે ૨૬ મેએ ૧૨૦ પીપીબી સુધી પહોંચી જવાની સંભાવના છે. જ્યારે આની સ્વીકારી સીમા ૫૦ પીપીબી છે. એમને કહ્યું કે આ સ્તરે બ્રાન્કાઈટિસ ઈમ્ફીસીમા અને દમના મરીઝોની હાલત વધુ લથડી શકે છે. આના કારણે ફેંફસાની કાર્યક્ષમતા ઘટી શકે છે. ઓઝોનના વધવાના લીધે ફેંફસાની કોશીકાઓ હમેશ માટે બેકાર થઈ શકે છે.

ગુરૂનાથ મયપ્પન અને વિંદુએ હોટલ માલિકના નામ લીધા

નવીદિલ્હી, તા. ૨૭

આઈપીએલ સ્પોટ ફિક્સીંગમાં રોજબરોજ નવા નવા ખુલાસા થઈ રહ્યા છે. દરેક ખુલાસો આશ્ચર્ય પમાડનારો છે. આઈપીએલ સ્પોટ ફિક્સીંગ મામલામાં ધરપકડ કરાયેલા બીસીસીઆઈ આધ્યક્ષના જમાઈ ગુરૂનાથ મયપ્પન અને અભિનેતા વિંદુ દારાસિંહે પોલીસ દ્વારા કરાતી પુછપરછમાં ચૈન્નઈની એક હોટલના માલિકનું નામ લીધુ છે.

વિંદુ અને ગુરૂનાથે પુછપરછમાં જણાવ્યું છે કે આ હોટલના માલિકની લિંક બોલિવુડની સેલિબ્રીટી સાથે છે. હોટલનો માલિક બોલિવુડ અને બુકીઓ વચ્ચે મધ્યસ્થીની ભુમિકા નિભાવે છે.

બીસીસીઆઈના અધ્યક્ષ શ્રીનાવસનના જમાઈ મયપ્પનને શુક્રવારે મોડી રાત્રે ધરપકડ કરવામાં આવી હતી. તે ૨૯મી મે સુધી પોલીસ કસ્ટડીમાં રહેશે.

સ્વર્ગસ્થ અભિનેતા પહેલવાન દારાસિંહના પુત્ર વિંદુ દારાસિંહે આઈપીએલ મેચ દરમિયાન મયપ્પન સાથે કહેવાતી રીતે સતત સંપર્ક જાળવી રાખ્યો હતો. તેણે અધિકારીઓને જણાવ્યું હતું કે ચૈન્નઈ સુપર કિંગ્સના માલિકે સટ્ટાબાજીમાં એક કરોડ રૂપિયા ગુમાવ્યા હતા.

ગુરૂનાથે લગભગ ૧૦ મેચોમાં દાવ લગાવ્યો હતો. તેમાંથી પાંચથી છ મેચોમાં તેને પૈસા ગુમાવવા પડ્યા હતા.

આ દરમિયાન બીસીસીઆઈની ભ્રષ્ટાચાર નિરોધક તથા સુરક્ષા એકમ (એસીએસયુ)ના પ્રમુખ રવિ સવાનીએ ચૈન્નઈ સુપર કિંગ્સના અધિકારીઓ સાથે મુલાકાત લઈને ગુરૂનાથ મયપ્પનની ટીમમાં શું ભુમિકા છે તે વિશે પુછપરછ કરી હતી. સુત્રોના જણાવ્યા અનુસાર મુંબઈ ઈન્ડિયન્સ અને ચૈન્નઈ વચ્ચે ઈડન ગાર્ડન પર આઈપીએલ-૬ની ફાઈનલના પહેલા સવાનીએ ટીમના મેનેજર રસલે રાધાકૃષ્ણ સાથે ટીમમાં મયપ્પનની ભુમિકા અંગે લાંબી વાતચીત કરી હતી. જો કે આ અંગે કોઈપણ પક્ષ તરફથી સત્તાવાર સમર્થન કરવામાં આવ્યું નથી કે ટિપ્પણી પણ કરવામાં આવી નથી.

અખિલેશ સરકારે આર્થિક મદદ કરવા કરેલો નિર્ણય

લખનૌ,તા. ૨૭

પોલીસ કસ્ટડીમાં માર્યા ગયેલા કથિત હુજી આતંકવાદી ખાલિદ મુજાહિદનાં મોત પછી ઉત્તરપ્રદેશનાં રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. નિવેદનબાજી અને આક્ષેપ-પ્રતિઆક્ષેપો દ્વારા રાજનૈતિક પાર્ટીઓ તેમનાં હિસાબો ચૂકતે કરી રહી છે.

ઉત્તર પ્રદેશ સરકારે ખાલિદ મુજાહિદનાં પરિવારજનોને ૬ લાખની સહાય કરવાની જાહેરાતનાં પગલે યુપીની રાજનીતિમાં મોટું તોફાન આવી ગયું છે. ભારતીય જનતા પાર્ટીએ અખિલેશ સરકારનાં આ વચનને ક્યારેય પૂરું નહીં કરવા દેવાની વાત કરી છે અને કહ્યું છે કે, સમાજવાદી સરકારે આ નિર્ણય મુસ્લિમ વોટબેંકને ધ્યાનમાં રાખીને અને માનવીય આધાર પર લીધો છે. ગઈકાલે મળેલી સમાજવાદી પાર્ટીની એક બેઠકમાં લખનૌ, ફૈજાબાદ અને વારાણસીની કચેરીઓમાં થયેલાં બ્લાસ્ટનાં શંકાસ્પદ આરોપી અને હુજી સભ્ય ખાલિદ મુજાહિદના પરિવારજનોને ૬ લાખની સહાય આપવાનો નિર્ણય લીધો છે. સરકારે દલીલ કરી છે કે તેઓ કોઈની સાથે અન્યાય નહીં થવા દે. ખાલિદના મોત પછી તુરંત જ રાજ્ય સરકારે સમગ્ર ઘટનાની તપાસ માટે સીબીઆઈને તપાસ સોંપી છે. આ કેસની તપાસ ફૈજાબાદનાં મુખ્ય જુડિશીયલ મેજિસ્ટ્રેટ દ્વારા પણ કરાઈ રહી છે. આ કેસમાં ૪૨ લોકો વિરુદ્ધ એફઆઈઆર નોંધવામાં આવી છે. સરકારનાં આ નિર્ણયનો ભારતીય જનતા પાર્ટીએ સખ્ત વિરોધ કર્યો છે. ભાજપાએ પ્રશ્ન ઉઠાવ્યો છે કે, ખાલિદ નિર્દોષ હતો તેવું ક્યાંય પુરવાર થયો નથી. શું સરકાર કસ્ટડીમાં મરનાર તમામ મૃતકોને આર્થિક સહાય કરશે? આ મુદ્દે આજે ભાજપ રાજ્યવ્યાપી વિરોધ કરશે.

ભારત-જાપાન સહયોગ નવી ઊંચાઈએ જશે: સિંહ

નવી દિલ્હી,તા.૨૭

વડાપ્રધાન મનમોહનસિંહે જાપાન પ્રવાસ જતાં પહેલા આજે કહ્યું હતું કે જાપાન સરકાર જોડે થનારી શીખર મંત્રણા દરમિયાન બંને દેશો વચ્ચેના સહયોગથી નવી ઊંચાઈએ લઈ જવાનો પ્રયાસ કરશે. સિંહે જણાવ્યું કે મારો જાપાન પ્રવાસ ગત વર્ષે ચૂંટણીના લીધે મોકૂફ રહ્યો હતો. જાપાન અમારું મહત્વપૂર્ણ ક્ષેત્રિય અને આંતરરાષ્ટ્રીય સહયોગી દેશ છે. અમારા વચ્ચે આપસી હિતોમાં થઈ રહી એકરૂપતા અને દ્વિપક્ષીય સંબંધોમાં મજબૂતી એશિયાને સમૃદ્ધ અને સ્થિર ભવિષ્ય બનાવવા માટે જરૂરી છે.

આ શીખર મંત્રણા દરમિયાન બંને દેશો વચ્ચે સહયોગ વધશે. આના સિવાય પ્રવાસ દરમિયાન વેસ્ટર્ન ડેડિકેડિટ પ્રાઈટ કોરીડોર અને દિલ્હી મુંબઈ ઈન્ડસ્ટ્રીયલ કોરીડોર જેવી મહત્વપૂર્ણ યોજનાઓને આગળ વધારવા માટે સહયોગ મળશે. સિંહે જણાવ્યું કે ભારત સરકાર જાપાન સાથે રાજનૈતિક, સુરક્ષા અને ઊર્જા ક્ષેત્રે સહયોગ કરવા ઈચ્છુક છે. એમણે કહ્યું કે આ પ્રવાસ દરમિયાન જાપાનના બધા રાજનૈતિક દળો અને ઉદ્યોગ જગતના પ્રતિનિધીઓ સાથે વાતચીત કરશે. સિંહે કહ્યું કે જાપાન અને થાઈલેન્ડ પ્રવાસ ભારતની પૂર્વ તરફ જોવાની નીતિની સફળતા વધારશે. આશિયાન દેશો સાથે સંબંધો મજબૂત કરવામાં થાઈલેન્ડ ભારતને મદદગાર સાબિત થઈ શકે છે. બંને દેશોના નાગરિકો વચ્ચે વર્ષોથી સાંસ્કૃતિક અને આધ્યાત્મિક સંબંધો રહેલા છે. આના સિવાય ભારત થાઈલેન્ડ વચ્ચે રક્ષા અને દરિયાઈ સુરક્ષાના ક્ષેત્રમાં પણ વૃદ્ધિ થઈ રહી છે જે આ પ્રવાસ દરમિયાન વધુ મજબૂત થશે.

કેરળમાં એક સપ્તાહ બાદ મોનસૂનનો પ્રારંભ થશે

તિરૂઅનંતપુરમ,તા. ૨૭

દેશમાં દિવસે-દિવસે વધતી જતી ગરમીથી રાહત મેળવવા માટે લોકો દક્ષિણ-પશ્ચિમમાં મોનસૂનનો પ્રારંભ થવાની આશા લઈને બેઠી છે ત્યારે તેમનો ઈંતેજાર લંબાઈ શકે એમ છે. મોસમ વિભાગનાં નિષ્ણાંતોનું કહેવું છે કે, કેરળમાં એક સપ્તાહ પછી મોનસૂન પહોંચે તેવી શક્યતા છે.

મોનસૂન બાબતે હજુ સુધી કોઈ પ્રગતિ સાધી શકાય નથી. આગામી ત્રણ દિવસોમાં બંગાળની ખાડી પરથી કેટલાંક વિભાગમાં ચોમાસાની આગળ વધવાની અનુકૂળ પરિસ્થિતિ બની રહી છે. જોકે તેને કેરળમાં જલ્દી ચોમાસું બેસવાનાં સંકેતનારૂપે જોઈ શકાય નહીં. આગામી ત્રીજી જૂન આસપાસ કેરળમાં મોનસૂનનો પ્રારંભ થાય તેવી શક્યતા જોવાઈ રહી છે. દેશનાં કૃષિ આધારિત અર્થતંત્ર માટે મોનસૂન ખૂબજ મહત્વનું ગણવામાં આવે છે. અંદામાન સાગરમાં સામાન્ય દિવસો કરતાં ત્રણ દિવસ પહેલાં ૧૭મેના રોજ વરસાદ થયો હતો જે ૧૭થી ૨૦ મેના રોજ આગળ વધ્યો હતો પરંતુ ત્યારપછી રોકાઈ જતાં બાંગ્લાદેશના દરિયા કિનારાનાં કેટલાંક હિસ્સાઓમાં તોફાન અને પવન સાથે બંધ થઈ ગયો હતો. નિષ્ણાંતોના જણાવ્યા મુજબ ચોમાસાંની ગતિવિધિને ઝંઝાવાતી પવન નબળું પાડી દે છે. ઉત્તરપ્રદેશ, રાજસ્થાન, હરિયાણા, પંજાબમાં તાપમાનનો પારો વધી રહ્યો છે ત્યારે નિષ્ણાંતોની નજર હવે જૂનનાં પહેલાં સપ્તાહમાં કેરળમાં સારો વરસાદ થવાની અપેક્ષા રાખી રહ્યા છે. આ વર્ષે ચોમાસું સામાન્ય રહે તેવી સંભાવના છે.

યુપીમાં બસ નહેરમાં ખાબકતાં ૧૮ના મોત

લખનૌ,તા. ૨૭

યુપીના એટા જિલ્લામાં એક રોડવેઝ બસ નહેરમાં ખાબકતાં ૧૮ લોકોના મોત થયા હતા જ્યારે કેટલાક લોકો લાપત્તા થઈ ગયા છે. પોલીસે ઘટના સ્થળ પર પહોંચીને બચાવ અને રાહત કામગીરી શરૂ કરી દીધી હતી. મળેલી માહિતી મુજબ એટા જિલ્લાના પેલુઆ પોલીસ સ્ટેશન ક્ષેત્રમાં આ બનાવ રવિવાર રાત્રે ત્યારે થયો જ્યારે ફરુકાબાદથી દિલ્હી જઈ રહેલી રોડવેઝ બસથી બસ ડ્રાઈવરનું સ્ટેરીંગ પરથી નિયંત્રણ ગુમાવી દેતા બસ હજારા નહેરમાં ખાબકી ગઈ હતી. બસ નિયંત્રણ ગુમાવીને હજારા નહેરમાં ખાબકી ગઈ હતી. બસમાં આશરે ૫૫-૬૦ લોકો મુસાફરી કરી રહ્યા હતા. એટાના વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે અત્યાર સુધી ૧૮ લોકોના મૃતદેહ નહેરમાંથી મળી આવ્યા છે. જ્યારે બીજા લોકોની તપાસ ચાલી રહી છે.

દર ત્રીજા મહિનામાં રક્તદાન કરી શકાય : નિષ્ણાંતોનો મત

નવી દિલ્હી, તા. ૨૭

સ્વૈચ્છિક રક્તદાનનો દર ૮૦ ટકા સુધી પહોંચી ગયો છે. રક્તદાનને લઈને હજુપણ ઘણી ખોટી

બાબતે પ્રવર્તે છે. જેના તરફ ધ્યાન આપવાની જરૂર છે. રક્તદાન કરનારની વય ૧૮થી ૬૦ વર્ષની હોવી જોઈએ. આ વયની વ્યક્તિ દર ત્રીજા મહિને રક્તદાન કરી શકે છે. રક્તદાન કરનાર વ્યક્તિનું વજન ૪૫ કિલોથી ઓછુ હોવું જોઈએ નહીં, આ ઉપરાંત રક્તદાન કરનારને એચઆઈવી, હેપેટીટીસ બી, અને સી જેવી તકલીફ હોવી જોઈએ નહીં. ભારતમાં એકત્રીત કરવામાં આવતા રક્તનો ૪૭ ટકા જથ્થો રિપલેશમેન્ટ ડોનર મારફતે આવે છે. આ લોકો જ્યારે પણ તેમના પરિવાર અથવા મિત્રોને જરૂર પડે છે ત્યારે રક્ત આપે છે. સ્વૈચ્છિક રક્તદાનની પ્રવૃતિ હજુ ધીમી દેખાઈ રહી છે. નિષ્ણાંતોનું કહેવું છે કે, ૪૫૦ એમએલ લોહી જે દાન કરાયું છે તે ૨થી ૩ દિવસમાં પુન: શરીરમાં થઈ જાય છે. નિયમિત રીતે રક્તદાનથી કોઈપણ પ્રકારના રોગ પણ થતા નથી. એક યુનિટ લોહી ૪૫૦ એમએલ હોય છે. દાન કરવામાં આવેલા લોહી પૈકી અધડા લીટરથી ૩ વ્યક્તિની જાન બચાવી શકાય છે. નિષ્ણાંતોનું એમ પણ કહેવું છે કે, દેશની વસ્તી એક થી ત્રણ ટકાની વસ્તી રક્તદાન કરે તો દેશની જરૂરીયાત માટે આ જથ્થો પુરતો સાબિત થઈ શકે છે. ૭૩ દેશોમાં રક્તદાનનો દર વસ્તીના એક ટકાથી પણ ઓછો છે.

મુંગેરના હથિયારો આઈએમ આતંકી સુધી પહોંચી રહ્યા છે

નવી દિલ્હી,તા.૨૭

દેશભરમાં કેટલીક જગ્યા આતંકી હુમલા કરવામાં સામેલ ઈન્ડિય મુજાહીદ્દીનના આતંકવાદીઓ બિહારના મુંગેર જિલ્લામાં આવેલ ગેરકાયદેસર ફેક્ટરીમાં બનેલા હથિયારો વાપરી રહ્યા હોવાની માહિતી મળી છે.

દિલ્હી પોલીસના જણાવ્યા પ્રમાણે પૂણે વિસ્ફોટની તપાસ દરમિયાન ધરપકડ કરવામાં આવેલ પાંચ લોકો પાસેથી મુગેરમાં બનેલા હથિયારો મળ્યા છે. એમની પૂછપરછમાં માહિતી મળી છે કે તેમને એ હથિયાર મુંગેરથી લીધા હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર પોલીસ મુંગેરના ગેરકાયદેસર હથિયારોની તપાસ કરી રહી છે. ગત સપ્તાહે પોલીસની ટીમ ચાર લોકોને પકડી લીધા છે અને તેમની પાસેથી આધુનિક હથિયાર મળી આવ્યા છે. એક ટોચના પોલીસ અધિકારીએ જણાવ્યું છે કે મુંગેરમાં બનેલ હથિયારો બેંગ્લોર અને મધ્ય પ્રદેશમાં મળ્યા છે. એમને કહ્યું કે પહેલા એ લોકો ટ્રેનની હથિયારો મોકલતા હતા પણ હવે તે રસ્તા દ્વારા વાહનોમાં હથિયારો મોકલે છે. એક સવાલના જવાબમાં તેમણે કહ્યું કે મુંગેરમાં બનેલા હથિયારો આધુનિક સ્તરના હોવાના કારણે આતંકવાદીઓ આ હથિયારો લઈ રહ્યા છે. મુંગેરમાં બનેલી દેશી પિસ્તોલ આધુનિક હથિયારોના સ્તરની છે.

ગત વર્ષે દિલ્હી પોલીસે મુંગેરમાં બનેલ ૧૩૦ પિસ્તોલ જપ્ત કરી છે. જ્યારે ૫૦થી ૬૦ હથિયારો પકડ્યા છે. પોલીસના જણાવ્યા અનુસાર પકડી પાડવામાં આવેલ ત્રણ આરોપી ગેરકાયદેસર પિસ્તોલ લેવા માટે મુંગેર જતા હતા.

કુમાર મંગલમ બિરલાની મુશ્કેલીમાં વધારો થયો

નવી દિલ્હી, તા. ૨૭

દિલ્હી હાઈકોર્ટે આઈડિયાના ચેરમેન કુમાર મંગલમ બિરલાને નોટિસ પાઠવી છે. કુમાર મંગલમ બિરલા ઉપરાંત તેમની કંપની આઈડિયા અને તેના પાંચ ઉચ્ચ અધિકારીઓને પણ નોટિસ પાઠવવામાં આવી છે. હાઈકોર્ટ આ નોટિસ થ્રીજી ઇન્ટ્રા સર્કલ રોમિંગ બાબતમાં પાઠવી છે. ટેલિકોમ વિભાગે થ્રીજી ઇન્ટ્રા સર્કલ રોમિંગ

બાબતમાં હાઈકોર્ટમાં રીટ કરી છે. ટેલિકોમ વિભાગે આરોપ લગાવ્યો છે કે આઈડિયા અને તેના ઉચ્ચ પાંચ અધિકારીઓએ થ્રીજી રોમીંગ કેસમાં કોર્ટના હુકમનો અનાદર કર્યો છે. ગત તારીખ ૧૨ એપ્રિલના રોજ હાઈકોર્ટે ભારતી એરટેલ, વોડાફોન અને આઈડિયાને તેના સર્કલમાં નવા ગ્રાહકો ઉમેરવા પર પ્રતિબંધ મુક્યો હતો કારણ કે તેમની પાસે લાઈસન્સ નથી.

જમીન લીઝ પર આપ્યાનાં લફરામાં

મહારાષ્ટ્ર સરકારને રૂપિયા ૨૫,૦૦૦ કરોડનું નુકસાન

મુંબઈ,તા. ૨૭

મહારાષ્ટ્ર સરકારનાં કર્મચારીઓ, અધિકારીઓ અને વિભાગોની લાપરવાહીનાં કારણે સરકારની તિજોરી સુધી નહીં પહોંચી શકેલા ૨૫,૦૦૦ કરોડ રૂપિયાની સરકારને ખોટ ભોગવવી પડી રહી છે.

લીઝના લફરામાં કેટલાંક અધિકારીઓની લાપરવાહી બહાર આવી છે. રાજ્યની હજારો એકર જમીન જે લીઝ પર આપવામાં આવી હતી પરંતુ વર્ષો પછી આ લીઝની જમીનની મુદત પૂર્ણ થયા બાદ પણ અધિકારીઓ દ્વારા લાપરવાહી દાખવવાના કારણે તેને રિન્યૂ કરી શકાય નથી.

મહારાષ્ટ્ર એકતરફ દુકાળના કારણે પરેશાનીનું ભોગ બની રહ્યું છે ત્યારે બીજીતરફ લીઝ રિન્યૂ નહીં થવાના કારણે ૨૫,૦૦૦ કરોડ રૂપિયા સરકારી તિજોરીમાં જમા થતાં અટકી ગયા હોવાના મુદ્દે મહારાષ્ટ્ર સરકાર ચિંતિત છે. લીઝ પર આપવામાં આવેલી આ જમીનોમાં સેલિબ્રિટીઓનાં નામ પણ સામેલ છે જેમાં શાહરૂખનો બંગલો મન્નતનો પણ સમાવેશ થાય છે. શાહરૂખનાં બંગલા માટે જમીન વર્ષ ૧૯૦૧માં લીઝ પર આપવામાં આવી હતી જેની અવધિ ૧૯૮૦માં પૂરી થઈ ચૂકી છે એટલું જ નહીં કેટલીક જમીનો પર આજેપણ માત્ર ૫૦થી ૬૦ રૂપિયા વસૂલવામાં આવે છે. આરટીઆઈનાં માધ્યમથી આ સમગ્ર ઘટના પ્રકાશમાં આવી છે અને આ કારણે મહારાષ્ટ્રને અંદાજિત ૨,૭૦૦ કરોડનું નુકસાન થઈ રહ્યું હોવાનું માનવામાં આવે છે. અન્ય સ્ત્રોતની સરખામણીમાં જમીન ખૂબજ મહત્વની ગણવામાં આવે છે જેને વેચીને અથવા લીઝ ઉપર આપીને સરકાર તેની તિજોરીમાં વધારો કરે છે.

મહારાષ્ટ્ર સરકારે આપેલી લીઝ પરની જમીનોની સંભાળ લેવાની ફુરસત સરકાર કે સરકારી અધિકારીઓ પાસે નથી. લગભગ ૮૦થી ૯૦નાં દાયકામાં અવધિ પૂરી થઈ ચૂકી હોય તેવી જમીનોને આજદિન સુધી રિન્યૂ કરવામાં આવી નથી. પરિસ્થિતિ એ છે કે મુંબઈનાં પોશ વિસ્તારમાં કરોડોની જમીનનું ભાડું સરકાર દ્વારા માત્ર અત્યારે રૂપિયા ૪૦થી ૫૦ વસૂલવામાં આવે છે.

શૈલેષ ગાંધી નામનાં આરટીઆઈ એક્ટીવિસ્ટે આ આંકડાઓ આરટીઆઈ હેઠળ પ્રાપ્ત કર્યા હતાં જેનાં આધારે સરકારે આ ઘટનાની તપાસ માટે એક કમિટિની રચના કરી છે. છેલ્લાં ૮ વર્ષમાં આ વિષય પર ચર્ચા સિવાય મહારાષ્ટ્ર સરકારે કોઈ પગલાં નહીં લીધા હોવાનું સૂત્રો જણાવે છે.

એન્ટીબાયોટિક્સ આડેધડ ન લેવા તબીબોની સ્પષ્ટ સલાહ

નવી દિલ્હી,તા. ૨૭

આધુનિક સમયમાં લોકો તબીબો પાસે સલાહ લીધા વગર એન્ટી બાયોટિક્સ દવા લેતા થયા છે. આ બાબતની નિષ્ણાંતો અને તબીબોએ ગંભીર નોંધ લીધી છે. તબીબોએ કહ્યું છે કે તબીબોની જરૂરી સલાહ વગર કોઈ પણ દવા જાતે લઈ લેવાની બાબત ખતરનાક સાબિત થઈ શકે છે. તેની અનેક આડ અસર પણ થઈ શકે છે. આજે મોટા ભાગના લોકો ખુબ વ્યસ્ત લાઈફ જીવી રહ્યા છે. આવા સમયમાં આરોગ્યને જાળવી શકતા નથી. બિમાર થવાની સ્થિતીમાં તરત જ કામચલાઉ દવા જાતે જ લઈ લે છે. આ દવાથી ચોક્કસપણે રાહત મળે છે પરંતુ આ દવા કોઈ ઈલાજ નથી. આ દવા ખુબ ખતરનાક સાબિત થઈ શકે છે. કોઈ તકલીફ અંગે જાણ નહી હોવા છતાં જે તે તકલીફ અથવા તો પીડામાં દવા જાતે જ લઈ લેવામા આવે છે. તબીબો પાસે જવાનો સમય પણ કાઢી શકતા નથી. જેથી તાવ, સરદી ગરમી, ગળામાં દુખાવાની જાતે જ દવા લોકો લઈ લે છે. પરંતુ આવી દવા જાતે લઈ લેનાર લોકો દવાની અસર કેટલી હદ સુદી થઈ શકે છે તે જાણતા નથી. જાણીતા તબીબોનું કહેવુ છે કે એન્ટીબાયોટિકસ એન્ટીમાઈક્રોબાઈલ એજન્ટ તરીકે પણ જાણીતી છે. આ પ્રકારની દવાનું કામ શરીરમાં કોઈ પણ પ્રકારના ઈન્ફેક્શનને દુર કરવા માટેનુ હોય છે.

સમાચાર ઝલક

- **દેશમાં ગરમીના પ્રકોપથી ૮ નાં મોત**
- **દેશમાં અનિચ્છુક કોલ મોકલવા સામે તવાઈ.**
- **એશિયાનું સૌથી મોટું ક્રુઝ જહાજ મરીનર ઓફ ધી સીઝ ગોવા બંદરે પહોંચ્યું.**
- **પાલનપુર તાલુકામાં ૩૧ સ્થળોએ દારૂના દરોડાઓનો ફિયાસ્કો કે મીલીભગત, ફક્ત રૂ. ૩૦૦૦નો મુદ્દામાલ પકડાયો.**
- **અઠવાડિયું ચોમાસું પાછું ઠેલાશે - ગતિ મંદ પડી.**
- **જસદણમાં વાંગધ્રા ગામે બે માસુમ પુત્રીઓ સાથે માતાનું અગ્નિસ્નાન-તમામનાં મોત.**
- **ગામડામાં ધબકતી ભાઈચારાની ભાવનાને ઉજાગર કરતો વાડલાગીરમાં કિસ્સો - મુસ્લિમને ત્યાં ચાર દિકરીની જાન આવી અને પટેલ પરિવારને ત્યાં અમંગળ ઘટના બની, પરંતુ ભાઈચારાની ભાવનાથી ખુમારીના પારખાં થયાં.**
- **રૂ. ૧૧૦૦ કરોડના ઈંદિરા વિકાસપત્રો વટાવ્યા વિનાના રહ્યા છે.**
- **પેનકીલર વધુ જીવલેણ અમેરિકન ડોકટરોનો સર્વે.**